વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ તેમજ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમશાળાઓ)માં તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2024/1107/A Section

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા</u>:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૧૨/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૨૦/૩૭૧૭૫૬/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: અસમ/૧૦૨૦૨૦/૭૨૮/ક

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૬/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/0100/J

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૮/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/2257/A

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૧/૦૯/૨૦૨૫નો પત્રાંક: વિજાક/અમશ/૨૦૨૫-૨૬/૨૪૭

(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮/૦૯/૨૦૨૫નો પત્રાંક: અજાક/ગ/આ.શા./૨૦૨૫/૫૨૮૮-૮૯

<u>આમુખ</u> :-

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમશાળાઓ) ની અને વંચાણે લીધેલ ક્રમ (૨) ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમશાળાઓ) ની ખાલી શૈક્ષણિક જગ્યાઓ નિયમિત ધોરણે ભરાય અથવા શૈક્ષણિક સત્ર પૂર્ણ થાય તે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી બાળકોનું શૈક્ષણિક કાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદવેતન (Honorarium Per Period) થી શિક્ષણ કાર્ય કરાવવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ(૩) પરના વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૫ ના ઠરાવથી વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકોની ખાલી જગ્યાઓ પર તાસદિઠ માનદ વેતનથી શિક્ષણકાર્ય કરાવવાની મંજૂરી આપવામાં આવેલ છે. તાસદીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરાવવાની પધ્ધતિ વિકસતી જાતિ કલ્યાણ અને અનિસૂચિત જાતિ કલ્યાણ એમ બંને પ્રભાગો હસ્તકની આશ્રમશાળાઓના બાળકોના શૈક્ષણિક હિત માટે હાલ ચાલુ રાખવી આવશ્યક હોઇ, વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૪) પરના ઠરાવથી નિયત થયેલ સુધારેલ માનદ વેતન મુજબ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે તાસદિઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય ચાલુ રાખવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૫) અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૬) ના પત્રોથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ તેમજ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમશાળાઓ) માં અનુક્રમે ૧૮૪ અને ૬૭ મળી કુલ-૨૫૧ પ્રવાસી શિક્ષકોની ખાલી જગ્યાઓ પર વંચાણે લીધેલ ક્રમ (૪) પરના વિભાગના તા.૨૫/૦૮/૨૦૨૩ ના ઠરાવથી નિયત થયેલ મહત્તમ માસિક ઉચ્ચક વેતનથી, આ જગ્યાઓ નિયમિત શિક્ષકથી ન ભરાય ત્યાં સુધી અથવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ પૂર્ણ ન થાય ત્યાં સુધી (એ બંનેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે) તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

| વિગત | તાસદીઠ માનદ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન | માસિક મહત્તમ ઉચ્ચક માનદ વેતન |
|---|---|---|---|---|



Scanned with OKEN Scanner

| | | | | |
|---|---|---|---|---|
| આશ્રમશાળાઓ(વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની) | રૂ. ૮૫/- | ૬ તાસ | રૂ. ૫૧૦/- | રૂ. ૧૦,૫૦૦/- |

<u>લાયકાતનું ધોરણ</u>:-

(૧) આશ્રમશાળામાં મુલાકાતી શિક્ષકની સેવાઓ લેવા માટે નીચે મુજબના લાયકાતના ધોરણો સંતોષતા હોય તેવી યોગ્ય વ્યક્તિને લઈ શકાશે:

(૨) "જે વિષયના શિક્ષકની ગેરહાજરી બદલ મુલાકાતી શિક્ષકની સેવા લેવાની હોય તે વિષયમાં સ્નાતક હોવા જ જોઈશે."

(૩) આ વ્યવસ્થા તદ્દન હંગામી ધોરણે કરવામાં આવે છે. સીધી ભરતીના ઉમેદવાર ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા હોવાથી અને તાસદીઠ માનદવેતનથી સેવાઓ લેવાની હોઈ મુલાકાતી શિક્ષક તરીકે આવનાર ઉમેદવારનો કોઈ અન્ય સેવા વિષયક હક્ક દાવો રહેશે નહીં.

(૪) જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી તથા જે તે આશ્રમશાળાના આચાર્યએ લાયકાતના ધોરણો, માર્ગદર્શક સૂચનાઓ અને ચૂકવવામાં આવતા તાસદીઠ માનદવેતન બાબતે કોઈ કાયદાકીય ગૂંચ ઉભી ન થાય તે પ્રમાણે કાળજી લેવાની રહેશે.

(૫) તમામ જિલ્લામાં એકસુત્રતા જળવાય તે માટે નિયામકશ્રી(વિ.જા.ક) તેમજ નિયામકશ્રી(અ.જા.ક)એ પણ આ ઠરાવની માર્ગદર્શક સૂચનાઓ અનુસરવાની રહેશે અને અમલવારીમાં એકસુત્રતા જળવાય તે મુજબની કાર્યરીતિ અપનાવવાની રહેશે. મુલાકાતી શિક્ષકના ચૂકવણાની કામગીરી ઉચ્ચક બીલથી કોઇપણ લેખિત હુકમો વિના કરવાની રહેશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનુદાનિત નિવાસી શાળાઓ માટેનો ખર્ચ માંગણી ક્રમાંક:- ૯૨, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૧૧ ઓબીસી-૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટેની છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

વિચરતી અને વિમુક્ત જાતિની અનુદાનિત નિવાસી શાળાઓ માટેનો ખર્ચ માંગણી ક્રમાંક:- ૯૨, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૦૧ વિમુક્ત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ, પેટા સદર-(૦૩) ડીએનટી-૩ છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

અનુસૂચિત જાતિની અનુદાનિત નિવાસી શાળાઓ માટેનો ખર્ચ માંગણી ક્રમાંક:- ૯૫, મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર: (૧૨) એસ.સી. ડબલ્યુ-૭ સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય/ શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના (ગ્રા.ઈ.એ.) હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૧૦/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-

(સમીર ગરાસીયા)

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ



Scanned with OKEN Scanner

is alc No: SJED/0086/10/2025   Approved Date: 29-10-2025

<u>નકલ રવાના</u>:-

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ક-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (કમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ - વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature valid

Signed by:Samir Ga...
Section Officer
Date:202.. .0.30
11:13:05 ...

File No: SJED/MIS/e-file/17/2024/1107/A Section
Approved By: Principal Secretary,SJED

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



Scanned with OKEN Scanner